જા. નં. 333.1/EC/RO/GV/2024-25

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## Executive Council (કાર્યવાહક સમિતિ) 6/2024-25 તા. 18-03-2025

આદરણીયશ્રી,

ગૂજરાત વિદ્યાપીઠની **Executive Council (કાર્યવાહક સમિતિ)**ની વર્ષ 2024-25ની છઠ્ઠી બેઠક **તા. 18-03-2025** ને મંગળવારના રોજ સાંજે **05-00** વાગ્યે **સમિતિકક્ષ, મુખ્ય કાર્યાલય,** ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આદરણીય કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા :

1. ડૉ. હર્ષદ એ. પટેલ : અધ્યક્ષશ્રી અને કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ
2. ડૉ. નીતિનભાઈ પેથાણી : કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ
3. શ્રી દિલીપભાઈ ઠાકર : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ
4. શ્રી વિશાલભાઈ ભાદાણી : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ (ઑનલાઈન)
5. પ્રા. કનુભાઈ નાયક : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ
6. ડૉ. અજયભાઈ પરીખ : સભ્ય અને ડીનશ્રી, કમ્પ્યૂટર વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ
7. ડૉ. નીરજભાઈ શેઠ : સભ્ય તથા ડીનશ્રી, વિજ્ઞાન અને પ્રાયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ
8. ડૉ. મંજુલાબહેન ડાભી : સભ્ય તથા પ્રાધ્યાપકશ્રી, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
9. ડૉ. શેતલબહેન બડોદિયા : સભ્ય તથા સહ-પ્રાધ્યાપકશ્રી, HRM વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
10. ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટ : સભ્ય તથા મદદનીશ પ્રાધ્યાપકશ્રી, અંગ્રેજી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
11. ડૉ. નિખિલ ભટ્ટ : કાર્યકારી કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ

બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કાર્ય-1 : તા. 31-12-2024ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા અમલવારી નોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ-1 : તા. 31-12-2024ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા અમલવારી નોંધને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

વિદ્યાકીય શાખા (Academic Branch)

કાર્ય-2 : સાત વિદ્યાશાખાના 17 વિભાગો દ્વારા જાન્યુઆરી 2025થી માર્ચ 2025 સુધીની ત્રિમાસિક કામગીરીનો સમીક્ષા અહેવાલ અને વિસ્તરણ એકમોની પ્રવૃત્તિઓ અંગે.

ઠરાવ-2 : સાત વિદ્યાશાખાના 17 વિભાગો દ્વારા જાન્યુઆરી 2025થી માર્ચ 2025 સુધીની ત્રિમાસિક કામગીરીનો સમીક્ષા અહેવાલ અને વિસ્તરણ એકમોની પ્રવૃત્તિઓની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-3 : તા. 08-03-2025ના રોજ મળેલ પ્રવેશ સમિતિની બેઠકના અહેવાલને બહાલી આપવા અંગે.

ઠરાવ-3 : તા. 08-03-2025ના રોજ મળેલ પ્રવેશ સમિતિ દ્વારા વર્ષ 2025-26ના પ્રવેશ માટે તૈયાર કરવામાં આવેલ પ્રવેશ માર્ગદર્શિકામાં બેઠકમાં સૂચવવામાં આવેલ સુધારા-વધારા સાથે બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 : ગૂજરાત વિદ્યાપીઠ અને બી. એમ. ઇન્સ્ટિટયૂટ ઑફ મેન્ટલ હેલ્થ સાથે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-4 : ગૂજરાત વિદ્યાપીઠ અને બી. એમ. ઇન્સ્ટિટયૂટ ઑફ મેન્ટલ હેલ્થ સાથે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવામાં આવી.

કાર્ય-5 : ગાંધીદર્શન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અને આશ્રમ ગાંધી પુરી, બાલી-ઈન્ડોનેશિયા સાથે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-5 : ગાંધીદર્શન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અને આશ્રમ ગાંધી પુરી, બાલી-ઈન્ડોનેશિયા સાથે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવામાં આવી.

કાર્ય-6 : ગૂજરાત વિદ્યાપીઠ અને Odoo India Private Limited, ગાંધીનગર સાથે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-6 : ગૂજરાત વિદ્યાપીઠ અને Odoo India Private Limited, ગાંધીનગર સાથે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવામાં આવી.

કાર્ય-7 : યુ.જી.સી.ની માર્ગદર્શિકા અનુસાર રચાયેલ વિવિધ સમિતિઓના બેઠકોના અહેવાલ અંગે.

(1) તા. 15-02-2025ના રોજ મળેલ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પ્રોગ્રામ (SSIP)

(2) તા. 17-02-2025ના રોજ મળેલ સામાજિક અને આર્થિક રીતે વંચિત સમૂહો માટેના સેલ (SEDGs Cell)

(3) તા. 18-02-2025ના રોજ મળેલ આંતરિક ફરિયાદ સમિતિ.

(4) તા. 18-02-2025ના રોજ મળેલ Equal Opportunity Advisory Committee

(5) તા. 21-02-2025ના રોજ મળેલ Equal Opportunity Cell (EOC)

(6) તા. 25-02-2025ના રોજ મળેલ છાત્રાલય સમિતિ

(7) તા. 03-03-2025ના રોજ મળેલ Student Grievance Redressal Committee-SGRC

ઠરાવ-7 : યુ.જી.સી.ની માર્ગદર્શિકા અનુસાર રચાયેલ ઉપરોક્ત દર્શાવેલ ક્રમાંક 1થી 7 પ્રમાણેની વિવિધ સમિતિઓના બેઠકોના અહેવાલને બહાલી આપવામાં આવી.

મહેકમ શાખા (Establishment Branch)

કાર્ય-8 : શ્રી કિરીટભાઈ મફતલાલ શ્રીમાળી (નિવૃત્ત પટાવાળા, ઉચ્ચતર માધ્યમિક વિભાગ, ગૂજરાત કુમાર વિનય મંદિર)ને રજા રૂપાંતર બીલની અંદાજિત રકમ રૂ.5,20,000/- (અંકે રૂપિયા પાંચ લાખ વીસ હજાર પૂરા) ચૂકવવા નિર્ણય કરવા અંગે.

ઠરાવ-8 : શ્રી કિરીટભાઈ મફતલાલ શ્રીમાળી (નિવૃત્ત પટાવાળા, ઉચ્ચતર માધ્યમિક વિભાગ, ગૂજરાત કુમાર વિનય મંદિર)ને રજા રૂપાંતર બીલની અંદાજિત રકમ રૂ.5,20,000/- (અંકે રૂપિયા પાંચ લાખ વીસ હજાર પૂરા) ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-9 : શ્રી અંજનાબહેન સંજયભાઈ પટેલ (નિવૃત્ત મદદનીશ શિક્ષક, ઉચ્ચતર માધ્યમિક વિભાગ, વિજ્ઞાન પ્રવાહ, ગૂજરાત કુમાર વિનય મંદિર)ને રજા રૂપાંતર બીલની અંદાજિત રકમ રૂ.14,22,900/- (અંકે રૂપિયા ચૌદ લાખ બાવીસ હજાર નવસો પૂરા) ચૂકવવા નિર્ણય કરવા અંગે.

ઠરાવ-9 : શ્રી અંજનાબહેન સંજયભાઈ પટેલ (નિવૃત્ત મદદનીશ શિક્ષક, ઉચ્ચતર માધ્યમિક વિભાગ, વિજ્ઞાન પ્રવાહ, ગૂજરાત કુમાર વિનય મંદિર)ને રજા રૂપાંતર બીલની અંદાજિત રકમ રૂ.14,22,900/- (અંકે રૂપિયા ચૌદ લાખ બાવીસ હજાર નવસો પૂરા) ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-10 : શ્રી રાજેશચંદ્ર એમ. પટેલે (નિવૃત્ત ક્લાર્ક, ગૂજરાત વિનય મંદિર) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ SCA NO.16882 of 2024 પરત ખેંચી તેની જાણ થવા તથા રજા રોકડમાં રૂપાંતર બીલની ચૂકવેલ રકમ રૂ.13,98,680/- (અંકે રૂપિયા તેર લાખ અઠ્ઠાણુ હજાર છસો એંસી પૂરા) ને બહાલી આપવા અંગે.

ઠરાવ-10 : શ્રી રાજેશચંદ્ર એમ. પટેલ (નિવૃત્ત ક્લાર્ક, ગૂજરાત વિનય મંદિર) દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ SCA NO.16882 of 2024 પરત ખેંચી તેની નોંધ લેવામાં આવી તથા તેમને રજા રોકડમાં રૂપાંતર બીલની ચૂકવેલ રકમ રૂ.13,98,680/- (અંકે રૂપિયા તેર લાખ અઠ્ઠાણુ હજાર છસો એંસી પૂરા) ને બહાલી આપવામાં આવી.

કાર્ય-11 : ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણમાં અમદાવાદ પરિસર ખાતે ફરજ બજાવતા સેવકોને X કક્ષાનાં શહેરો મુજબ 30% અને સાદરા પરિસર ખાતે ફરજ બજાવતા સેવકોને Z કક્ષાના શહેર/ટાઉન પ્રમાણે 10% ઘરભાડા ભથ્થું તા.01-01-2024થી અમલવારી કરવા અને તફાવતની રકમ ચૂકવવા નિર્ણય કરવા અંગે.

ઠરાવ-11 : ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણમાં અમદાવાદ પરિસર ખાતે ફરજ બજાવતા સેવકોને X કક્ષાનાં શહેરો મુજબ 30% અને સાદરા પરિસર ખાતે ફરજ બજાવતા સેવકોને Z કક્ષાના શહેર/ટાઉન પ્રમાણે 10% ઘરભાડા ભથ્થું તા.01-01-2024થી અમલવારી કરવા અને તફાવતની રકમ ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-12 : ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચશિક્ષણમાં ફરજ બજાવતા બિનશૈક્ષણિક સેવકોની નાણાંકીય બઢતી માટેની MACP તથા સમીક્ષા MACP સમિતિની બેઠકની ભલામણ મુજબ અમલ માટે મંજૂરી અંગે.

ઠરાવ-12 : ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણમાં ફરજ બજાવતા બિન શૈક્ષણિક સેવકોની નાણાંકીય બઢતી માટે MACP/સમીક્ષા MACP સમિતિની ભલામણ મુજબ નીચેનાં કોષ્ટકમાં જણાવ્યા મુજબ અમલ કરવા ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | કર્મચારીનું નામ | શાખા/વિદ્યાશાખા | MACP તથા સમીક્ષા MACP સમિતિની ભલામણ |
|---|---|---|---|
| 1. | શ્રી જગદીશકુમાર પરીખ | ગ્રંથાલય શાખા | Recommended for 2nd MACP (3rd FUG) in the Pay Matrix Pay Level 12 (Rs. 78,800 – Rs. 2,09,200) w.e.f. 03.11.2023 |
| 2. | શ્રી મથુર નિસરતા | ગ્રંથાલય શાખા | Recommended for 2nd MACP (2nd FUG) in the Pay Matrix Pay Level 05 (Rs. 29,200 – Rs. 92,300) w.e.f. 04.12.2024 |
| 3. | શ્રી હીરાભાઈ રાયકા | શારીરિક શિક્ષણ વિદ્યાશાખા | Recommended for 2nd MACP (3rd FUG) in the Pay Matrix Pay Level 03 (Rs. 21,700 – Rs. 69,100) w.e.f. 15.12.2023 |
| 4. | શ્રી રમેશભાઈ બી. પટેલ | કુલસચિવશ્રી કાર્યાલય | Recommended for 2nd MACP (2nd FUG) in the Pay Matrix Pay Level 03 (Rs. 21,700 – Rs. 69,100) w.e.f. 04.12.2024 |
| 5. | શ્રી જીતેન્દ્રકુમાર બાલુભાઈ સોલંકી | માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા | Recommended for 1st MACP (1st FUG) in the Pay Matrix Pay Level 03 (Rs. 21,700 – Rs. 69,100) w.e.f. 02.05.2024 |
| 6. | શ્રી જયેશભાઈ ચૌહાણ | એસ્ટેટ શાખા | Recommended for 2nd MACP (2nd FUG) in the Pay Matrix Pay Level 06 (Rs. 35,400 – Rs. 1,12,400) w.e.f. 01.06.2022, Subject to the decision of Hon'ble High Court in the matter related to case No. SCA-3400-2018. |
| 7. | શ્રી જયેશભાઈ પટેલ | વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા | Unfit due to non-achievement of minimum benchmark for MACP up to 31.03.2024 |
| 8. | શ્રી અમીષકુમાર નવિનકુમાર દરજી | શારીરિક શિક્ષણ વિદ્યાશાખા | Unfit due to non-achievement of minimum benchmark for MACP up to 31.03.2024 |

કાર્ય-13 : શ્રી દિનેશભાઈ રાણાને 10 હક્ક રજાની રકમ રૂ.35,169/- ચૂકવવા મંજૂરી અંગે.

ઠરાવ-13 : શ્રી દિનેશભાઈ રાણાને 10 હક્ક રજાની રકમ રૂ.35,169/- ચૂકવવા મંજૂરી આપવામાં આવી.

કાર્ય-14 : શ્રી પીયૂષભાઈ શાહ (નાયબ કુલસચિવ, હિસાબી શાખા)ની નીચેની બાબતો અંગે નિર્ણય કરવા અંગે.

14.1 : વર્ષ-૨૦૦૫માં અટકાવેલા ઈજાફાનું એરિયર્સ અંદાજે રૂ. 1,89,636/- ચૂકવવાની વિનંતી બાબતે સમિતિનાં અહેવાલ અન્વયે નિર્ણય કરવા અંગે.

ઠરાવ-14.1 : વર્ષ-૨૦૦૫માં અટકાવેલા ઈજાફાનું એરિયર્સ અંદાજે રૂ. 1,89,636/- ચૂકવવાની વિનંતી બાબતે સમિતિના અહેવાલના આધારે અંદાજે રૂ. 1,89,636/- ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

14.2 : MACP યોજના અન્વયે સમિતિની ભલામણ મુજબ Rs. 37400-67000 Grade Pay 8700 થી Rs.37400-67000 Grade Pay 8900 અપગ્રેડેશન મંજૂર કરવા તથા તે પ્રમાણે તા.01/01/2016થી સાતમા પગારપંચ પ્રમાણે તફાવતની રકમ રૂ.36,48,662/-ચૂકવવા નિર્ણય કરવા અંગે.

ઠરાવ-14.2 : MACP યોજના અન્વયે સમિતિની ભલામણ મુજબ Rs. 37400-67000 Grade Pay 8700 થી Rs.37400-67000 Grade Pay 8900 અપગ્રેડેશન તા.01/01/2016થી મંજૂર કરવા તથા તે પ્રમાણે તા.01/01/2016થી સાતમા પગારપંચના તફાવતની રકમ રૂ.36,48,662/-ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

14.3 : શ્રી પીયૂષભાઈ રમણલાલ શાહ (નાયબ કુલસચિવ, હિસાબ શાખા, ગુજરાત વિદ્યાપીઠ)ને સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત રકમ કોમ્યુટેશનની રકમ રૂ. 42,59,569/-, ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 25,00,000/- અને રજાનું રોકડમાં રૂપાંતર રૂ. 33,13,980/- તથા તા. 01-06-2025થી પેન્શન પ્રતિમાસ રૂ. 64,980/- ભથ્થાઓ સાથે ચૂકવવા નિર્ણય કરવા અંગે.

ઠરાવ-14.3 : શ્રી પીયૂષભાઈ રમણલાલ શાહ (નાયબ કુલસચિવ, હિસાબ શાખા, ગુજરાત વિદ્યાપીઠ)ને સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત રકમ કોમ્યુટેશનની રકમ રૂ. 42,59,569/-, ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 25,00,000/- અને રજાનું રોકડમાં રૂપાંતર રૂ. 33,13,980/- તથા તા. 01-06-2025થી પેન્શન પ્રતિમાસ રૂ. 64,980/- ભથ્થાઓ સાથે ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

14.4 : ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલ LPA 822/2022 અને LPA/823/2022 પરત નિર્ણય અંગે.

ઠરાવ-14.4 : સમિતિની ભલામણ મુજબ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલ LPA 822/2022 અને LPA/823/2022 પરત ખેંચવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-15 : શ્રી યશ જતીન ખખ્ખરની ગૂજરાત વિદ્યાપીઠની સેવાના સમયગાળાની પ્રો- રેટા રજા પગારની રકમ રૂ. 55,249/- અને ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 43,617/ INFLIBNET, ગાંધીનગરને મોકલવા નિર્ણય અંગે.

ઠરાવ-15 : શ્રી યશ જતીન ખખ્ખરની ગૂજરાત વિદ્યાપીઠની સેવાના સમયગાળાની પ્રો- રેટા રજા પગારની રકમ રૂ. 55,249/- અને ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 43,617 એમ કુલ રકમ રૂ. 98,866/- Director, INFLIBNET Center ને મોકલવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-16 : Clarification for advance increment at entry level of academic and other academic staff બાબતે UGC No.F.16-1/2023 (CU) 128114 Dated 10.02.2025નાં સ્પષ્ટીકરણ અન્વયે ગૂજરાત વિદ્યાપીઠનાં સાત સેવકોને આપવામાં આવેલ Ph.D.ના ઈજાફાની કુલ રકમ રૂ.58,02,097/-ની વસૂલાત બાબતે નિર્ણય કરવા અંગે.

ઠરાવ-16 : Clarification for advance increment at entry level of academic and other academic staff બાબતે UGC No.F.16-1/2023 (CU) 128114 Dated 10.02.2025નાં સ્પષ્ટીકરણ અન્વયે ગૂજરાત વિદ્યાપીઠનાં સાત સેવકોને આપવામાં આવેલ Ph.D.ના ઈજાફાની કુલ રકમ રૂ. 58,02,097/-ની વસૂલાત નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ પ્રતિમાસ પગારમાંથી કપાત કરવી અને આગામી સમયમાં મળવાપાત્ર તફાવતની રકમ વસૂલાતની રકમ સામે સરભર કરવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નામ | Ph.Dના ઈજાફાના કારણે વધુ ચૂકવાયેલ રકમ (રૂપિયા) | પ્રતિમાસ વસૂલાતની રકમ (રૂપિયા) |
|---|---|---|---|
| 1. | ડૉ. અમીષાબેન શાહ | 9,12,094/- | 25,500/- |
| 2. | ડૉ. નીતીનભાઈ ઢાઢોદરા | 9,55,596/- | 27,000/- |
| 3. | ડૉ. મોતીભાઈ દેવુ | 6,41,546/- | 18,000/- |
| 4. | ડૉ. નિખિલભાઈ ગોહેલ | 5,73,471/- | 16,000/- |
| 5. | ડૉ. વિરલભાઈ આસજોલા | 10,31,724/- | 29,000/- |
| 6. | ડૉ. પ્રદીપભાઈ પટેલ | 4,56,054/- | 13,000/- |
| 7. | ડૉ. નશેમન બંદૂકવાલા | 12,31,612/- | 34,500/- |

કાર્ય-17 : શ્રી જીતેન્દ્ર કરમશીભાઈ ઢેબરીયા (મદદનીશ પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા)ની અનઅધિકૃત ગેરહાજરી બાબતે નિર્ણય કરવા અંગે.

ઠરાવ-17 : શ્રી જીતેન્દ્ર કરમશીભાઈ ઢેબરીયા (મદદનીશ પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા)ની અનઅધિકૃત ગેરહાજરી બાબતે વિશદ ચર્ચા કરવામાં આવી. ચર્ચાને અંતે ખાતાકીય તપાસ માટે તપાસ અધિકારી તરીકે ડૉ. કે. એન. ખેર, કુલસચિવશ્રી, ગુજરાત ટેક્નૉલોજી યુનિવર્સિટી (જીટીયુ), અમદાવાદ અને રજૂઆત અધિકારી તરીકે ડૉ. હેમુભાઈ જાંબુકિયા, અધ્યક્ષ, મહેકમ શાખા, ગૂજરાત વિદ્યાપીઠની નિયુક્તિ કરવામાં આવી તથા ખાતાકીય તપાસનો અહેવાલ આગામી કાર્યવાહક સમિતિમાં રજૂ કરવા ઠરાવવામાં આવ્યું.

હિસાબ શાખા (Account Branch)

કાર્ય-18

18.1 : ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) નું ઓડિટ કરાવવા માટે આવેલો ભારત સરકારનો પત્ર તથા તેનો જવાબ વંચાણે લેવા અંગે

ઠરાવ-18.1 : ભારત સરકારના શિક્ષણ મંત્રાલયનો પત્ર ક્રમાંક F.No.16-3/2023.U.3(A) –Part (1) તા. 24-02-2025 તથા વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવેલો તેનો જવાબ તા. 03-03-2025 વંચાણે લેવામાં આવ્યા.

18.2 : ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) માટે વર્ષ 2025-26ના હિસાબોના આંતરિક અન્વેષણ માટે આંતરિક અન્વેષક (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) તથા સ્ટેચ્યુટરી ઓડિટ માટે સ્ટેચ્યુટરી ઓડિટરશ્રીની નિમણૂંક કરવા અંગે.

ઠરાવ-18.2 : આ કાર્ય મુલતવી રાખવામાં આવ્યું.

18.3 : વર્ષ 2025-26 માટે જીએસટી,, ટીડીએસ રીટર્ન્સ ફાઇલ કરવા તથા નોટિસના કોમ્પ્લાયન્સ માટેની સેવાઓ લેવા અંગે RMPS & Co., ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની સેવાઓ લેવા અંગે.

ઠરાવ-18.3 : આ કાર્ય મુલતવી રાખવામાં આવ્યું.

18.4 : ડૉ. ભરતભાઈ જોશી (સિનિયર પ્રાધ્યાપક, શિક્ષણ વિદ્યાશાખા)ને ચૂકવેલી પ્રોવિડન્ટ ફંડ ઉપાડ રૂ. 16,30,000/- તથા શ્રી દીપકભાઇ સોલંકી (મદદનીશ શિક્ષક, કુમાર વિનય મંદિર, અમદાવાદ)ને ચૂકવેલ પ્રોવિડન્ટ ફંડ ઉપાડની રકમ રૂ. 21,80,207/- ને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-18.4 : તા. 15-03-2025ના રોજ મળેલ નાણાંસમિતિના ઠરાવ નં. 506ની ભલામણના આધારે ડૉ. ભરતભાઈ જોશી (સિનિયર પ્રાધ્યાપક, શિક્ષણ વિદ્યાશાખા)ને ચૂકવેલી પ્રોવિડન્ટ ફંડ ઉપાડ રૂ. 16,30,000/- તથા શ્રી દીપકભાઇ સોલંકી (મદદનીશ શિક્ષક, કુમાર વિનય મંદિર, અમદાવાદ)ને ચૂકવેલ પ્રોવિડન્ટ ફંડ ઉપાડની રકમ રૂ. 21,80,207/- ને મંજૂરી આપવામાં આવી.

18.5 : સ્વૈચ્છિક નિવૃત્ત થયેલા સેવક શ્રી વિનોદભાઇ વણકરને પ્રોવિડન્ટ ફંડની રકમ રૂ.12,44,206/- ચૂકવવા અંગે.

ઠરાવ-18.5 : તા. 15-03-2025ના રોજ મળેલ નાણાંસમિતિના ઠરાવ નં. 507ની ભલામણના આધારે સ્વૈચ્છિક નિવૃત્ત થયેલા સેવક શ્રી વિનોદભાઇ વણકરને પ્રોવિડન્ટ ફંડની રકમ રૂ.12,44,206/- ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

18.6 : શ્રી જસુમતીબહેન મહેશકુમાર પટેલ (મદદનીશ શિક્ષિકા, વિનય મંદિર, અમદાવાદ)ની પ્રોવિડન્ટ ફંડ ઉપાડ રૂ.7,30,000/- મેળવવા માટેની અરજી અંગે.

ઠરાવ-18.6 : તા. 15-03-2025ના રોજ મળેલ નાણાંસમિતિના ઠરાવ નં. 508ની ભલામણના આધારે શ્રી જસુમતીબહેન મહેશકુમાર પટેલ (મદદનીશ શિક્ષિકા, વિનય મંદિર, અમદાવાદ)ની પ્રોવિડન્ટ ફંડ ઉપાડ રૂ.7,30,000/- મેળવવા માટેની અરજીને મંજૂરી આપવામાં આવી.

18.7 : વર્ષ 2024-25 માટે યુજીસી દ્વારા મળવાપાત્ર ગ્રાન્ટ અને થનાર અંદાજિત ખર્ચ અંગે.

ઠરાવ-18.7 : વર્ષ 2024-25 માટે યુજીસી દ્વારા મળવાપાત્ર ગ્રાન્ટ અને થનાર અંદાજિત ખર્ચની નોંધ લેવામાં આવી.

18.8 : વર્ષ 2025-26 માટે સુધારેલું અંદાજપત્ર રજૂ કરવા અંગે (પરિશિષ્ટ-22)

ઠરાવ-18.8 : તા. 15-03-2025ના રોજ મળેલ નાણાંસમિતિના ઠરાવ નં. 508ની ભલામણના આધારે યુજીસી દ્વારા મળતા અનુદાનની રકમની પેટર્નને ધ્યાને લઇ RE 2025-26 માટે નીચે મુજબ સુધારેલ બજેટ મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | વિગત | BE 2025-26 | RE 2025-26 (Rs. In Lakhs) |
|---|---|---|---|
| 1. | OH-31 “Grant in aid General” | 2260.00 | 3283.75 |
| 2. | OH-35 “Creation of Capital Assets” | 10000.00 | 2290.00 |
| 3. | OH-36 “Grant in aid Salary” | 7630.00 | 6112.00 |
| | **Total** | **19890.00** | **11685.75** |
| | Project Expenditure | | **50.00** |
| | Grand Total | | **11735.75** |

18.9 : ભારત સરકારના ધોરણો અનુસાર કર્મચારીઓને તા.01-01-2024થી ઘરભાડા ભથ્થું 27 ટકાથી વધારીને 30 ટકા કરવા અંગે અંદાજિત એરિયર્સ રૂ. 70,00,000/- અંગે.

ઠરાવ-18.9 : તા. 15-03-2025ના રોજ મળેલ નાણાંસમિતિના ઠરાવ નં. 511ની ભલામણના આધારે વર્ષ 2024-25 માટે યુજીસી દ્વારા આપવામાં આવેલી ગ્રાન્ટને ધ્યાને લઇ માર્ચ 2025ના પગાર સાથે ઘરભાડા ભથ્થાના એરિયર્સની રકમ ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

18.10 : સાતમા પગારપંચના તફાવતની રકમ ચૂકવવા માટે યુજીસી તરફથી મળેલી ગ્રાન્ટ પૈકી બાકી રકમ રૂ. 57,42,587 /- યુજીસીને પરત ચૂકવવા અંગે.

ઠરાવ-18.10 : તા. 15-03-2025ના રોજ મળેલ નાણાંસમિતિના ઠરાવ નં. 514ની ભલામણના આધારે સાતમા પગારપંચના તફાવતની રકમ ચૂકવવા માટે યુજીસી તરફથી મળેલી ગ્રાન્ટ પૈકી બાકી રકમ રૂ. 57,42,587/- યુજીસીને પરત ન ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

18.11 : તા.30-04-2025ના રોજ નિવૃત્ત થનારા પ્રો. ડૉ. કમલેશભાઇ પટેલ (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિભાગ)ના પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા રકમ રૂ. 9,98,506/- નિવૃત્તિ બાદ ચૂકવવા અંગે.

ઠરાવ-18.11 : તા. 15-03-2025ના રોજ મળેલ નાણાંસમિતિના ઠરાવ નં. 515ની ભલામણના આધારે તા.30-04-2025ના રોજ નિવૃત્ત થનારા પ્રો. ડૉ. કમલેશભાઇ પટેલ (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિભાગ)ના પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા રકમ રૂ. 9,98,506/- નિવૃત્તિ બાદ ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

18.12 : તા.31-05-2025ના રોજ નિવૃત્ત થનાર શ્રી પીયૂષભાઇ શાહ (નાયબ કુલસચિવ, હિસાબ વિભાગ)ના પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા રકમ રૂ.31,94,206/- નિવૃત્તિ બાદ ચૂકવવા અંગે.

ઠરાવ-18.12 : તા. 15-03-2025ના રોજ મળેલ નાણાંસમિતિના ઠરાવ નં. 515ની ભલામણના આધારે તા. 31-05-2025ના રોજ નિવૃત્ત થનાર શ્રી પીયૂષભાઇ શાહ (નાયબ કુલસચિવ, હિસાબ વિભાગ)ના પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા રકમ રૂ.31,94,206/- નિવૃત્તિ બાદ ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

## વિદ્યાર્થી રમતગમત, સાંસ્કૃતિક અને કલ્યાણ શાખા (Student Sports, Cultural and Welfare Branch)

કાર્ય-19 : કુલ 118 વિદ્યાર્થીઓએ GSET-December 2024ની પરીક્ષા આપી તે તમામ વિદ્યાર્થીઓને પરીક્ષા ફીના કુલ રૂ. 92,000/- (બાણું હજાર પૂરા) મજરે આપ્યા તથા આ તમામ પૈકી 16 વિદ્યાર્થીઓ, UGC NET જૂન 2024મા કુલ 88 વિદ્યાર્થીઓને પરીક્ષા ફીના કુલ રૂ. 47,125/- મજરે આપ્યા તથા તમામ પૈકી 20 વિદ્યાર્થીઓ, UGC NET ડિસેમ્બર 2024મા કુલ 102 વિદ્યાર્થીઓને પરીક્ષા ફીના કુલ રૂ. 50,475/- મજરે આપ્યા તથા તમામ પૈકી 17 વિદ્યાર્થીઓ, ઉત્તીર્ણ થયા તેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-19 : GSET December 2024, UGC NET June 2024 તથા UGC NET December 2024 પરીક્ષા અંગેની નીચેની વિગતોની બેઠકમાં નોંધ લેવામાં આવી.

| ક્રમ | પરીક્ષાની વિગત | પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | પરીક્ષામાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓની સંખ્યા | મજરે આપેલ કુલ રકમ |
|---|---|---|---|---|
| 1. | GSET December 2024 | 118 | 16 | 92,000/- |
| 2. | UGC NET June 2024 | 88 | 20 | 47,125/- |
| 3. | UGC NET December 2024 | 102 | 17 | 50,475/- |
| | કુલ | 308 | 53 | 1,89,600 |

**IQAC**

કાર્ય-20 :

20.1 : તા. 25-01-2025 રોજ IQAC, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં "Draft UGC Regulations, 2025 પર Panel Discussion" કાર્યક્રમનું આયોજન તથા કુલ ખર્ચ રૂ. 89,220/-ની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-20.1 : તા. 25-01-2025 રોજ IQAC, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં "Draft UGC Regulations, 2025 પર Panel Discussion" કાર્યક્રમનું આયોજન તથા કુલ ખર્ચ રૂ. 89,220/-ની બેઠકમાં નોંધ લેવામાં આવી.

20.2 : તા. 06-03-2025ના રોજ શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ પ્રશિક્ષણ પરિષદ (NCTE) (Recognition Norms and Procedure) Regulation 2025ના મુસદ્દા પર ચર્ચાવિચારણા સંદર્ભે રાજ્યકક્ષાની સંગોષ્ઠીનું આયોજન તથા કુલ ખર્ચ રૂ. 1, 75,806/- ની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-20.2 : તા. 06-03-2025ના રોજ શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ પ્રશિક્ષણ પરિષદ (NCTE) (Recognition Norms and Procedure) Regulation 2025ના મુસદ્દા પર ચર્ચાવિચારણા સંદર્ભે રાજ્યકક્ષાની સંગોષ્ઠીનું આયોજન તથા કુલ ખર્ચ રૂ. 1, 75,806/- ની નોંધ લેવામાં આવી.

**અન્ય**

કાર્ય-21 : તા. 27-28 માર્ચ 2025 દરમ્યાન રાષ્ટ્રીય શિક્ષણ પ્રશિક્ષણ પરિષદ (NCTE) તથા શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠના સહયોગથી આયોજિત 'રાષ્ટ્રીય સમંલેન 2025 : વિકસિત ભારત 2047ની દિશામાં' કાર્યક્રમની જાણ તથા કુલ અંદાજિત ખર્ચ રૂ. 24,00,000/- થશે તેમાંથી ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ચૂકવવાની થતી રકમ રૂ. 6,00,000/- મંજૂર કરવા અંગે.

ઠરાવ-21 : તા. 27-28 માર્ચ 2025 દરમ્યાન રાષ્ટ્રીય શિક્ષણ પ્રશિક્ષણ પરિષદ (NCTE) તથા શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠના સહયોગથી આયોજિત 'રાષ્ટ્રીય સમંલેન 2025 : વિકસિત ભારત 2047ની દિશામાં' કાર્યક્રમની જાણ તથા કુલ અંદાજિત ખર્ચ રૂ. 24,00,000/- થશે તેમાંથી ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ચૂકવવાની થતી રકમ રૂ. 6,00,000/- મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-22 : ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અને ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદ (ICSSR), ન્યુ દિલ્હીના સહયોગથી તા. 4-5 માર્ચ, 2025 દરમ્યાન 'Rural Transformation in the Realm of Viksit Bharat' વિષય પર આયોજિત આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં કુલ 220 અધ્યાપકો અને વિદ્યાર્થીઓની ભાગીદારી તથા અંદાજિત કુલ ખર્ચ રૂ. 2,50,000/-ની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-22 : ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અને ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદ (ICSSR), ન્યુ દિલ્હીના સહયોગથી તા. 4-5 માર્ચ, 2025 દરમ્યાન 'Rural Transformation in the Realm of Viksit Bharat' વિષય પર આયોજિત આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં કુલ 220 અધ્યાપકો અને વિદ્યાર્થીઓની ભાગીદારી તથા અંદાજિત કુલ ખર્ચ રૂ. 2,50,000/-ની નોંધ લેવામાં આવી.

કાર્ય-23 : તા. 09-02-2025ના રોજ મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલમાં કુલ 60 તથા તા. 10-03-2025થી વ્યાસ કક્ષમાં કુલ 81 કમ્પ્યૂટરની ક્ષમતાવાળી લેબની સુવિધા શરૂ કરવામાં આવી તેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-23 : તા. 09-02-2025ના રોજ મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલમાં કુલ 60 તથા તા. 10-03-2025થી વ્યાસ કક્ષમાં કુલ 81 કમ્પ્યૂટરની ક્ષમતાવાળી લેબની સુવિધા શરૂ કરવામાં આવી તેની નોંધ લેવામાં આવી.

કાર્ય-24 : કોશ કાર્યાલય તા. 21-02-2025થી પ્રાણજીવન વિદ્યાર્થી ભવનમાં કાર્યાન્વિત કરવામાં આવ્યું તથા સંપાદક તરીકે શ્રી અરવિંદભાઈ ભાંડારીને નિયુક્ત કરવામાં આવ્યા તેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-24 : કોશ કાર્યાલય તા. 21-02-2025થી પ્રાણજીવન વિદ્યાર્થી ભવનમાં કાર્યાન્વિત કરવામાં આવ્યું તથા સંપાદક તરીકે શ્રી અરવિંદભાઈ ભાંડારીને નિયુક્ત કરવામાં આવ્યા તેની નોંધ લેવામાં આવી.

કાર્ય-25 : ફુડ એન્ડ ન્યુટ્રીશન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા કસ્તૂરબા પુણ્ય તિથિ નિમિત્તે તા. 22-02-2025ના રોજ આયોજિત 'કસ્તૂરબા ગાંધી પરિવારમેળો : સ્વાદ ઔર સંસ્કાર કસ્તૂરબા કી પ્રેરણા સે' કાર્યક્રમનો કુલ અંદાજિત ખર્ચ રૂ. 2, 45, 574/- મંજૂર કરવા અંગે. (પરિશિષ્ટ-23)

ઠરાવ-25 : ફુડ એન્ડ ન્યુટ્રીશન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા કસ્તૂરબા પુણ્ય તિથિ નિમિત્તે તા. 22-02-2025ના રોજ આયોજિત 'કસ્તૂરબા ગાંધી પરિવારમેળો : સ્વાદ ઔર સંસ્કાર કસ્તૂરબા કી પ્રેરણા સે' કાર્યક્રમનો કુલ અંદાજિત ખર્ચ રૂ. 2, 45, 574/- મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-26 : વ્યાવસાયિક સજ્જતા મંદિર(વ્યાસ મંદિર) દ્વારા તા. 10-03-2025થી તા. 24-03-2025 દરમ્યાન રિસર્ચ, ગાંધીવિચાર તથા NEP 2020 જેવા વિવિધ વિષયો પર આયોજિત કાર્યશાળાની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-26 : વ્યાવસાયિક સજ્જતા મંદિર(વ્યાસ મંદિર) દ્વારા તા. 10-03-2025થી તા. 24-03-2025 દરમ્યાન રિસર્ચ, ગાંધીવિચાર તથા NEP 2020 જેવા વિવિધ વિષયો પર આયોજિત કાર્યશાળાની નોંધ લેવામાં આવી.

કાર્ય-27 : કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ તથા Odoo India Private Limited, ગાંધીનગર દ્વારા તા. 22-23 માર્ચ 2025 દરમ્યાન આયોજિત હેકાથોન કાર્યક્રમની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-27 : કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ તથા Odoo India Private Limited, ગાંધીનગર દ્વારા તા. 22-23 માર્ચ 2025 દરમ્યાન આયોજિત હેકાથોન કાર્યક્રમની નોંધ લેવામાં આવી.

કાર્ય-28 : સાબરમતી આશ્રમ સંગ્રહાલય સંદર્ભે મહાત્મા ગાંધીજીના જીવન, દર્શન અને યોગદાન વિશે ઐતિહાસિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક તત્વોને એકીકૃત કરીને 24 વિષયો પર પ્રકલ્પ તૈયાર કરવા અંગે. (પરિશિષ્ટ-24)

ઠરાવ-28 : સાબરમતી આશ્રમ સંગ્રહાલય સંદર્ભે મહાત્મા ગાંધીજીના જીવન, દર્શન અને યોગદાન વિશે ઐતિહાસિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક તત્વોને એકીકૃત કરીને 24 વિષયો પર પ્રકલ્પ તૈયાર કરવા ઠરાવવામાં આવ્યું.

તા. 19-03-2025

(ડૉ. નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ